## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તારો વિચાર બારીના પડદે ઝૂલી ગયો
દ્રશ્યોનો ભેદ એ પછી દરિયે ડૂબી ગયો
બે ડાળી વચ્ચે જાણે કે તડકો ગુલામ છે
મોસમનો રંગ કેટલો મીઠો બની ગયો !

- શ્યામ સાધુ

### પાથેય

## મનભાવન મોર્નિંગ

- રમેશ ઠક્કર

કારતકને શિયાળાનું કાઉન્ટ ડાઉન ગણીએ તો, માગશર એ મનભાવન મોર્નિંગનો મહિનો છે.. શિયાળો હુંફાળો કહેવાય છે એ આમ તો એના જ લીધે.માગશરની મજા લેવી હોય તો મળસ્કે ઉઠવું પડે..જે તપસ્વીના ત્યાગ જેવી ઘટના છે..મોંસૂઝણું થયા પહેલાં એનો જે મલકાટ હોય છે એ વિશ્વરૂપદર્શનથી જરા પણ કમ નથી હોતો..અને એટલે જ કદાચ કૃષ્ણ ભગવાને પ્રોટોકોલની પરવા કર્યા વગર કહી દીધું છે કે 'મહિનાઓમાં હું માગશર છું..' શિયાળો સાંગોપાંગ આમ તો સોહામણો છે.એની કક્કાવારીમાં ભલે કારતક પ્રથમ આવે..પરંતુ પહેલા સંતાનની માફક એ થોડોક ઠાવકો અને ઠરેલ લાગે..માગશર થોડોક નટખટ..અમારા પ્રદેશમાં શિયાળાનાં ચારેય સંતાનો માટે એવું કહેવાય છે કે કારતક કટકા જેવડો,માગશર મગ જેવડો..પોષ પસલી જેવો અને મહા માણા જેવડો..! આમ કદની રીતે જોઈએ તો એને ટચુકડો ગણવામાં આવ્યો છે.. પણ આપણે જાણીએ છીએ કે જગતમાં લિટલ માસ્ટરોની જ બોલબાલા રહી છે ! અલ્પ હોય એ જ અનોખું હોય..! ગમે તે હોય પણ આ વખતે શિયાળો રૂસણે બેઠેલા બાળક જેવો લાગે છે..આજે વહેલી પરોઢે એને હાય હલ્લો કરવા મેં બારી બહાર ડોકિયું કર્યુ તો મને એનો અસલી મિજાજ દેખાયો નહી. આમ તો આ એના આરંભના દિવસ છે પણ તોય શું ? આ રીતે તમે એને આવકારો તો એના અસલ સ્વભાવ મુજબ તો એ એક ઠંડી લહેરની એવી છાલક મારે કે તમને લખલખું જ આવી જાય..બનાસના ભીના પટમાં ઢબુરાઈને સુસવાટા મારતી મોહક ટાઢ અમારા શૈશવનું એક સોનેરી પૃષ્ઠ છે.. 'તે હિ ના.. દિવસો ગતા.'વાતાનુકૂલિત વાયરાથી અભડાયેલી ત્વચાને એ કયાંથી સમજાય ? માગશર એ કદાચ મૃગશિર્ષ ઉપરથી આવેલો શબ્દ છે...એની પરોઢ જ પ્રભાવિત કરે છે એવું નથી..એનો તડકો એનું ધુમ્મસ એનો ઝાકળભીનો પગરવ અને ઉગતા સૂરજની લાલીમા બધું જ મનમોહક હોય છે..'માશૂકોના ગાલની લાલી મહીં લાલી અને..જયાં જયાં ચમન જયાં જયાં ફુલો ત્યાં ત્યાં નિશાની આપની.'એવું 'કલાપી' એ લાઠીની લાલચોળ અવકાશી વાદળી જોઈને જ લખ્યું હશે..

માગશર માણસને જ મદહોશ કરે છે એવું નથી..પશુ પંખી ઝાડ ડાળ પાંદડાં છાપરું બધું જ ભાવવિભોર હોય છે એના સ્પર્શથી..એની સાંજ જલદી ઢળે છે નવોઢાની માફક..અંધારાનો લેપ ઘડીકવારમાં છવાઈને અવનીને આલિંગનમાં લઈ લે એ પછી જામતી માગશરની મધરાત ઈશ્વરની અનોખી સૌગાત જેવી હોય છે..એવી કોઈ રાતે પાંપણો ઉપરના ભારને ખંખેરી કોઈક વિરલો જો નિકળી પડે તો...'ઘાયલ'કહે છે એમ..'હોતી નથી હાલી નિકળનારને તમા..મધ્યાહનનો સમય હો કે મધરાતનો સમય..' માગશરનું મોંસુઝણું, મધ્યાહન ,કે મધરાત એક મૌલિક વૈભવ છે..એની ઘેઘૂર રાતે એક નજર ઉપર આકાશમાં નાખીએ તો ઓહ..! તારા ઉપર તારા તણાં ઝૂમી રહયાં જે ઝૂમખાં..અને ગેબી કચેરી.. તમે સાક્ષાત્કારથી ક્ષણભર જ છેટા રહી જાઓ છો !

હજુ તો શિયાળો ભાંખોડિયાં ભરે છે..શરૂઆત છે..એની અજાયબીને આંખમાં ભરી લેવા મહા માસ સુધીની મંઝિલ આપણી સામે છે..આ લ્હાવો ચુકવા જેવો નથી...!

# આહ અમેરિકા, વાહ અમેરિકા

તંત્રીસ્થાનેથી...

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભલે ભારતમાં ચાલતી હોય (ખરેખર ચાલે છે ખરી - તે વળી ચર્ચાનો વિષય છે) પરંતુ દુનિયાની સૌથી શ્રેષ્ઠ લોકશાહી તો અમેરિકામાં જ છે અને રહેશે. જો એ વિશે કોઈના મનમાં સહેજ પણ શંકા હોત તો વર્ષોથી ચાલી આવતી અમેરિકામાં વસી જઈ સુખી સંપન્ન થવાની ઘેલછામાં કાળક્રમે જરૂર ઘટાડો નોંધાયો હોત. આજે તો આપણાં દેશમાં જ નહીં, દુનિયાના દરેક દેશમાં માબાપ એમનું બાળક મોટું થઈ અમેરિકામાં સ્થાયી થાય અને પોતે પણ એમાં આશ્રિત તરીકે છેલ્લી ઉંમર અમેરિકામાં વિતાવી શકે એવું ઈચ્છે છે. આ ઘેલછા સકારણ છે. અમેરિકાને 'લેન્ડ ઓફ ઓપર્ચ્યુનિટી'નું બહુમાન મળ્યું છે તે એમથું નહીં જ. ભારતની ટેલેન્ટ અમેરિકામાં જઈને સોળે કળાએ ખીલી છે એમાં ડઝનબંધ ઉદાહરણ રોજે રોજ અખબારોમાં અને ચેનલો કે સોશિયલ મીડિયા પર ચમકતા રહે છે. તાજેતરમાં ટ્વિટરના નવા સીઈઓ તરીકે ભારતીય મૂળના પરાગ અગ્રવાલના શિરે કળશ ઢોળાયો છે. અમેરિકાની શ્રેષ્ઠ ટેકનોલોજિકલ કંપનીઓનું સુકાન આજકાલ મૂળ ભારતીયો સંભાળે છે. અમેરિકાને પોતાના જ દેશના યુવાનો આવી જવાબદારી સંભાળવા ઊણા ઊતરતા લાગે છે. એટલે એ માત્ર અને માત્ર ગુણવત્તાના ધારણે આવી ટોપ ટેલન્ટ પસંદ કરે છે જેમાં ભારતીય મૂળના બુદ્ધિમાન નાગરિકો જ મહંદશે પસંદગી પામતા રહ્યા છે. પિચાઈથી અગ્રવાલ સુધીના આ બૌદ્ધિકો સંપદાના માલિકોની સાથે આપણી જ કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સ અંતરિક્ષમાં તાગ મેળવવા માટે પસંદગી પામે છે એનું આપણે ગૌરવ લઈ શકીએ છીએ. હરગોવિંદ ખુરાના અને એ પછીના ભારતીય મૂળના નોબેલ વિજેતાઓને એ સન્માન માટે ભારતમાં રહી પડ્યા હોત તો ભાગ્યે જ પસંદ કરાયા હોત. દેશનું બુદ્ધિધન સતત અમેરિકા તરફ અને અમેરિકામાં મેળ પડતો ન લાગે તો કેનેડા કે ઈંગ્લેન્ડ કે ઓસ્ટ્રેલિયા તરફ ઢસડાતું રહ્યું છે. આપણી પ્રીતિ પટેલ બ્રિટનની મિનિસ્ટર બની જાય છે અને કમલા હેરીસ અમેરિકાની ઉપરાષ્ટ્રપતિ બનીને ભવિષ્યમાં વ્હાઈટ હાઉસની ઉદારતા અને સર્વાશ્લેષી સ્વીકૃતિને કારણે જ આ શક્ય બની શક્યું છે. ભારતીય મૂળના ડૉકટરો અને ટેકનોક્રેટો એ અમેરિકાની ઈકોનોમી પર કબજો જમાવી દીધો છે. પટેલો અને મોટેલો પરસ્પરના પર્યાય બની ગયા છે. આપણા કલાકારો અમેરિકા જાય ત્યારે ડોલરિયા વરસાદથી તરબતર થઈ પાછા ફરે છે. અત્યારે જો બાઈટનનાં ભાષણો ભારતીય મૂળના સ્પીચ રાઈટર લખી આપે છે. મોદીને અમેરિકા પોતાના માણસ ગણીને ચાહતું રહ્યું છે અને પંડિત નહેરુ પ્રત્યે પણ કેનેડીનો પ્રેમ કયાં ઓછો હતો ? ચીનના અણધાર્યા આક્રમણ વખતે કેનેડીએ હિંદ મહાસાગરમાં એનો દંતકથારુપ સાતમો કાફલો મોકલીને ચીનની બોલતી બંધ કરી દીધી હતી. આ બધું જોઈ સાંભળીને અમેરિકા માટે વાહવાહીનાં જ વેણ નીકળી પડે. પરંતુ જ અમેરિકામાં જયારે પોતાનો સ્ટોર બંધ કરતા ભારતીય દુકાનદાર પર અંધાધૂધ ગોળીબાર થયો હોવાના સમાચાર સાંભળીએ કે પછી ત્યાંના વિદ્યાર્થી દ્વારા પોતાની જ સ્કૂલના સહપાઠીઓ પર ગોળીબાર થયાની ઘટના જાણવા મળે ત્યારે જરૂર આપણને અમેરિકાની 'દયા' જ આવે, અંદરથી - છેક નાભિમાંથી 'આહ' નીકળી જાય. અમેરિકા એનાં જ ફરજંદોને સાચવી શક્યું નથી અને આખી દુનિયાની ડંફાસ કરતું ફરે છે - એવું લાગવા માંડે. અમેરિકામાં જીવનની સોનેરી તક શોધવા ઘયેલા કોઈ હોનહાર ભારતીય યુવાનની લાશ અને માતાપિતાના હવાલે થતી જોઈએ ત્યારે તો વિષાદની અવધિ જ આવી જાય. મણ મણના નિસાશા નાખીને કહેવાનું મન થાય કે બળ્યું અમેરિકા ! મારું વનરાવન છે વ્હાલું વૈકુંઠ નથી રે જાવું ! - આ આધુનિક વૈકુંઠની હિંસક મનોદશા એવી નવી પેઢીના ફસ્ટ્રેશન - 'કુંઠા'ની પેદાશ છે. શું એને સુધારવાનો કોન્ટ્રાક્ટ ભારતીય મૂળના બૌદ્ધિકોને ન સોંપાવો જોઈએ ?

# અહંકારના ઓડકાર ખાનારને ક્યારેય લાગણીનું ભોજન પચતું નથી



લાગણીનો મેળો
રસિક વાળંદ

ફૂલ ખિલે હૈ ગુલશન મેં ;
તૂ તો દેખ લે મેં ભી લેખ લૂ.
અપને દિલ કે દરપન મેં,
તૂ ભી દેખ લે મેં ભી દેખ લૂ.

●●●

શું આપણે ખરેખર સાચ્ચે સાચું જીવીએ છીએ ખરાં ? જીવનના મર્મને સમજવા - ઉકેલવા કદી મથ્યા છો ખરાં ? 'મનનાત્ સ મનુષ્ય' અર્થાત્ મનન - ચિંતન કરે તે મનુષ્ય... પણ જીવનના બારામાં વિચારનારા કેટલાં ?! બસ ગતાનુગતિક અળસિયાંની જેમ જીવી જવાનું.

સૃષ્ટિ સર્જકનો કાયદો નિરપવાદ કાર્ય કરતો રહે છે. આપણને આપણી પસંદગીના મા-બાપ, પત્ની, ભાઈ-ભાંડુ, સગાં-સ્નેહી, ગામ, સમાજ, સ્થળ-કાળ... વગેરે થોડો મળ્યાં છે ! મળ્યાં તે મા-બાપ... મળ્યાં તે મારાં.... એ ન્યાયે પરમપિતાએ જે કંઈ દીધું છે તેનાથી ન્યાલ થવાનું કવિ બાલાશંકરના શબ્દો આશ્વસ્ત કરે તેવા છે;

'ગુજારે તે શીરે તારે જગતનો નાથ તે રહેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિપ્યારું ગણી લેજે.'

મોટે ભાગે આપણી આસપાસનો બહુજન વર્ગ વેદનાથી ત્રસ્ત જોવા મળે છે, કો'ક ને તનની માંદગી, કો'કને મનની માંદગી, કો'કને ધનની... કોઈકના જીવનમાં અણધાર્યા આઘાતો... જાણે સુખ અલ્પ કિંતુ દુઃખ પ્રધાન જિંદગીનો અહેસાસ... જીવન જ દ્વંદ્વ છે... સ્વીકાર્યે છૂટકો.... આળશે એ નક્કી ચાલ્યું જ જવાનું... પછી ઉચાટ શાનો ! અકળાવું - બાવરા - બેબાકળા થવું શોભે ખરું ?! જીવનનાં દ્વંદ્વોની ભાષા ઉકેલતાં શીખીએ, આ માટે જીવનનો કક્કો - બારાક્ષરી - સ્વસ્થતાથી - ને તટસ્થતાથી ઘૂંટતા રહેવું પડે. એકલા સોનામાંથી ઘરેણું થોડું ઘડાય... એમાંયે થોડું તાંબુ ભેળવવું પડે !!

એવુંયે ઘણું નજરે ચડ્યું છે બહારથી સર્વ વાત સંપન્ન જણાતા 'ડુંગર દુરથી રળિયામણા' જેવા સાબિત થયા છે. એવાયે કેટલાયે છે જેઓને ઘર - પરિવાર - સમાજમાં જીવતાં કે રહેતાંયે આવડતું નથી. ઘણાંયે ઘર જાણે રાની પશુઓનું સંગ્રહાલય હોય એવું જોવા - અનુભવવા મળે... અરે, સગાં-સ્નેહી કે સ્વજનો જાણે પરભવના વેરી હોય તેમ 'લોહી પીવા' આવ્યા હોય એવું લાગે !! પરિવારના સભ્યો વચ્ચે કટ્ટા - વેરીઓની જેમ દુશ્મની જામે. આ અભણ - પ્રાકૃતજનોની વાત નથી... ભણેલાં - ગણેલાં (કહેવાતા ?) સુશિક્ષિત સંપન્નજનોની વાત છે. સિંહ કદી બીજા સિંહનો શિકાર કરે ? પણ... માણસ નામનું પ્રાણી બીજા માણસને ખલાસ કરી નાખવામાં પાછો પડતો નથી !!! બુદ્ધિશાળી - સામાજિક - પ્રાણી કહેવાતો પ્રગતિશીળ મનુષ્ય અધોગતિમાં પશુઓ કરતાં બદતર સાબિત થયો છે. માણસાઈ મૂલ્યહ્રાસની સડકે દોડી રહી છે. સંસ્કૃતિ સડતી જાય છે. રામકૃષ્ણ, નરસિંહ-મીરા ને ગાંધીની પ્રજા આવી હોય ?!

ખરેખર જીવવાના સંદર્ભમાં નર્યા અજ્ઞાનમાં માનવજાત સબડે છે. જે કરવાનું છે એ ન કરે ને ન કરવામાં કામો પાછળ લટ્ટુ થયા કરે છે. એક પ્રકારની સ્પર્ધામાં જીવવા લાગ્યાં છે, જીવનને રેસકોર્સનું મેદાન જ બનાવી દીધું છે... એને પ્રેમની પરિભાષા કોણ સમજાવશે ! કોઈકે લખ્યું ;

'ગદ્ય ચાલે છે પણ કવિતા નર્તન કરે છે.' - જીન ગદ્ય નથી પણ નરી કવિતા છે.- આ પેલા અદના આદમીને કોણ સમજાવશે. એ તો બિચારો આધિ-વ્યાધિ ને ઉપાધિગ્રસ્ત છે.

દોસ્તો, આ પરિવર્તનશીલ સંસારમાં કશું જ ચિરંજીવ નથી. જગત સાપેક્ષ છે, જેવું વાવશો એવું લણશો. દાનત એવી બરકત. જે આપશો એ જ બમણું થઈ પાછું આવશે. એક વાત ગાંઠે બાંધી રાખવાની આ સંસાર પટે લેવા નહીં કશુંક આપવા આવ્યા છીએ. એકલા કે એકાકી જીવી શકાશે ? આપણે અનેકના ટેકે ટકેલા છીએ. સ્વાર્થપણાની અંધારી ફગાવી જગતને પ્રમાણીએ... નજરની ક્ષિતિજો વિસ્તારીએ.... પરિવાર - સમાજ - સ્વ કે સમષ્ટિ સઘળુંયે અરસપરસ સંકળાયેલું છે... બીજાની જરૂર પડવાની જ.... એટલે આપણે બીજાનુંયે વિચારવાનું. બીજાના સુખનોય વિચાર કરવો પડે. જે અન્યનો કે બહારના જગતનો લેશમાત્ર વિચાર કરતો

અનુસંધાન પાના નં. ૭ પર

# લેખક હોવું એટલે લખતા આવડવું એટલું પૂરતું છે?



નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

સુપ્રભાતમ્ એટલે સુ. પ્રા. ભટ્ટ, આવું તમે કદી વિચાર્યું હતું? જ્યારે સુરેશભાઈ પ્રા. ભટ્ટ સાહેબે પોતે એમની કોલમના રજતજયંતી સમારોહમાં આ વાત કહી ત્યારે એ સાંભળીને હું આનંદિત થઈ ગયેલી. કેટલું સુંદર, અર્થસભર કોલમનું નામ અને એમાં પાછું એમનું આખું નામ ચતુરાઈપૂર્વક સમાવી લીધું છે. સાચું કહું તો એ સમયે મને પણ ઈચ્છા થઈ ગયેલી કે હું મારી કોલમનું નામ બદલી આવું કંઈક અનોખું વિચારું. આ મહોદયે પચીસ વરસ સુધી એકધારી કોલમ લખી એટલું જ નહીં, પચીસ વરસ એમણે રોજિંદી કોલમ લખી છે! રોજે રોજ કેટલાક સુવિચાર, સુવાક્યો, ચિંતન, હાયકુ અને એક બોધકથા આટલું આપવાનો એમનો નિયમ એક પણ દિવસ ચૂક્યા વગર એમણે જાળવી રાખેલો. છે ને કમાલની વાત. બીજાની નિંદા શું કરવી, હું મારી જ વાત કરું, એક કવિતા લખવી હોય તો આખો દિવસ જાય. કેટલોય પ્રયત્ન કરવો પડે, વિષય શોધવો પડે અને તોય છેલ્લે બંધારણ પ્રમાણે લખવા જતા આંખે પાણી આવી જાય. સુરેશભાઈ, જેમને સૌ લાડથી બાપુજી કહે છે, એમણે રોજ હાયકુ લખ્યું છે અને પાછું જોરદાર લખ્યું છે. મને થાય કે આટલું બધું જ્ઞાન આવતું કેવી રીતે હશે? કહે છે કલાકાર બનતો નથી, જનમે છે. મતલબ કે તમે મહેનત કરી કોઈ કળા શીખી જરૂર શકો છો પણ જેને એ કળા જનમની સાથે જ વરી હોય એની સમકક્ષ નિપુણતા મેળવતા વરસો નીકળી જાય છે. કળા સાથે અભિમાન પણ આવી શકે છે, ક્યારેક પ્રસિદ્ધિની ભૂખ જાગી ઉઠે તો ક્યારેક ઈનામ મેળવવાની લાલસા થાય. આ બધાથી અલિપ્ત રહીને ફક્ત ને ફક્ત પોતાના લેખન ઉપર જ ધ્યાન આપવાનું કામ કોઈક ઓલિયો જીવ જ કરી શકે. ખરેખરા આવા એક ઓલિયા જીવને મળીને મારામાં જાણે નવી ઊર્જા, નવું જોમ ભરાઈ ગયું. જીવનમાં આવા ઉમદા વ્યક્તિઓને મળવાનો જ્યારે પણ મોકો મળે એને ઉઠાવી લેવો. એમની પાસેથી તમને બે ચાર સાચી અને સારી વાતો શીખવા મળશે. એ વાતોનું મૂલ્ય ભલે હાલ નહીં સમજાય પણ જીવનની નબળી ક્ષણે એ ઢાલ બની તમારી રક્ષા કરશે. આજે ઘણા બધા લોકોને લેખક થવું છે, સારી વાત છે, પણ એ માટેની એમની તૈયારી કેટલી? એક વખત એક છોકરીએ એક અંગ્રેજી વાક્ય ક્યાંકથી વાંચીને ફેસબુક પર એનું ગુજરાતી કરીને લખ્યું. લોકોએ "વાહ, વાહ" કીધું અને છોકરીને થયું, અરે આ તો બહુ સરળ છે.

એણે બીજા બે ચાર મહાન માણસોના વાક્યો, કાવ્યો ગૂગલ ઉપરથી ખોળી કાઢ્યા અને ફેસબુક ઉપર મૂક્યા. ફરી લોકોએ એને ચણાના ઝાડ ઉપર ચઢાવી. હવે છોકરીને આદત પડી ગઈ. એ રોજ કોઈ બીજી ભાષાનું લખાણ શોધી, એનું ભાષાંતર કરીને નીચે એનું પોતાનું નામ લખીને શેર કરી દેતા સુપેરે શીખી ગઈ. એકવાર કોઈકે કહ્યું કે તારો આ આર્ટિકલ તો ફલાણા માણસના લેખની બેઠી કોપી છે ત્યારે એ છોકરીને અંદરથી તો થયું કે ચોરી પકડાઈ ગઈ પણ એવું જાહેરમાં થોડું કહેવાય! એણે રૂપકડું બહાનું શોધવાની મથામણ કરી અને એને એ બહાનું તરત મળી ગયું. એણે કહ્યું કે, આવડી મોટી દુનિયામાં જે શબ્દો એક માણસના મનમાં સ્ફુરી શકે એ બીજા કોઈનાં મનમાં કેમ ના ઉપજી શકે? મને થયું કે છોકરીમાં ભગવાને અક્કલ તો સારી એવી ભરી છે પણ એ રસ્તો ચૂકી ગઈ છે. સાહિત્યનો માર્ગ એટલે મા સરસ્વતીની ઉપાસનાનો માર્ગ અને ત્યાં નકરા સત્ય અને ધગશ સિવાય બીજું કંઈ કામમાં નહીં આવે. કોઈની કોપી કરી તમે સો બસો જણાની વાહવાહી જરૂર મેળવી લેશો પણ એ વાહવાહી તમને ખબરેય ના પડે એમ તમારી કાબેલિયતને કોરી ખાશે અને એ સમજ આવશે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે. આજે ઉઠાંતરી કરીને કોઈક બીજાની રચના પોતાને નામે ચઢાવી લેનારની સંખ્યા વધતી જાય છે પણ એ લોકો ભૂલી રહ્યાં છે કે જ્યાંથી એ લોકો ઉઠાંતરી કરે છે ત્યાંથી બીજા પણ વાંચતા હોય છે! કહે છે ને કે નકલમાં અક્કલ ના હોય, બસ એવું જ છે બધું. જે લોકો બીજાની નકલ કરવામાં પાવરધા થઈ જાય છે એ લોકો પછી ક્યારેય એમનું પોતાનું બેસ્ટ નથી આપી શકતા.

વધારામાં દરેક આગળ સાબિતી આપતા રહેવું પડે કે, આ તો મેં જાતે લખ્યું છે? કોઈક વાર ખરેખર એમણે જાતે લખ્યું હોય તોય લોકોને વિશ્વાસ ના આવે. મને એમ થાય કે લોકોને પોતાની કદર કરાવવાની આટલી બધી ઉતાવળ કેમ આવી જાય છે? તમને જે પણ લેખકને વાંચવું ગમતું હોય એના લખાણ ઉપર એક નજર નાખો. એમાં એવું તો શું છે જે તમને આકર્ષે છે? હું કહું...મૌલિકતા! રાજાને રીંગણા ભાવે સારી વાત છે પણ એ રાજાને રસોઈયો રોજ રોજ રીંગણા જ પીરસે તો? ત્યારે રાજા ઉબકી જાય.

જીવનભર પછી એને રીંગણા પ્રત્યે વૈરાગ આવી જાય. બસ, આવું જ કળા સાથેનું છે. એકવાર કોઈકે એ સર્જી નાંખ્યું એટલે તમારે એમાંથી ફક્ત પ્રેરણા લેવાની રહે. ઈશ્વરે તમારામાં કોઈ ખૂબી મૂકી છે તો એને વિકસાવો, ભૂલ થાય તો થાય પણ જાતે કંઈક નવું સર્જન કરવાનો પ્રયત્ન કરો, એમાંથી જ તમને રસ્તો મળી જશે, તમારી મંજિલ સુધી પહોંચવાનો.

છેલ્લે એટલું જ કહીશ કે, સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે નહાય! અહીંયા એક મજાક સૂઝે છે કોઈક નકલ કરનારને એવો વિચાર આવે કે ફલાણા માણસની આટલી સિદ્ધિનું રહસ્ય એનો પરસેવો છે તો એ શું કરશે, મહાન માણસો એ ફેંકી દીધેલા ટિસ્સ્યું પેપર કે હાથ રૂમાલ ભેગા કરવાનું ચાલુ કરશે?

**અમસ્તું,**

શ્રીકૃષ્ણ ભગવાન કહી ગયા એ કેટલું સાચું છે એનો અનુભવ જીવનને એક એક પગલે થઈ રહ્યો છે - કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન।

@KapadiaNiyati

# આખી બેઠક માતા-પુત્રના સ્નેહમાં તરબોળ થઈ રહી!



સ-રસ
મમતા બુચ

"યાર, શુકલજી, આનું કંઈક કરો ને."

ઓફિસમાં શનિ-રવિની રજા હતી. એટલે શુક્રવારે મસ્ત ઊંઘ ખેંચીને હું શનિવારની સવારે અખબાર વાંચી રહ્યો હતો ત્યાં મારા પાડોશી અને સારા મિત્ર વ્યાસજીએ હાફળાં-ફાફળાં મારા ઘરમાં પ્રવેશ કર્યો.

હું પણ આવા અણધાર્યા આક્રમણથી ડઘાઈ ગયો હતો, "પણ શેનું શું કરવાનું છે? તમે બેસીને વાત કરો તો ખબર પડે."

વ્યાસજી સોફા ઉપર મારી બાજુમાં ગોઠવાયા. "શુકલજી, યાર, હવે તમને એ તો ખબર છે ને કે મારા ઘરે દર રવિવારે સાંજે સંગીતપ્રેમી મિત્રોની બેઠક જામે છે?" મેં કહ્યું, "હા, મને પણ એના સૂરો સંભળાતા હોય છે." વ્યાસજી બોલ્યા, "હં...હવે કાલે સાંજે પણ બધા મારે ઘરે આવવાના છે." હું બોલ્યો, "તો એનું કંઈક કરવાનું છે? તાળું મારીને જતાં રહો બહારગામ...એમાં આટલા બધા શું મૂંઝાઓ છો?"

વ્યાસજી બગડયા, "તમે, યાર, પૂરું સાંભળ્યા વગર જ બોલ બોલ ના કરો. એ બધાને આવતા રોકવાના નથી! વાત જાણે એમ છે કે આ સંગીતની મહેફિલોથી પ્રેરાઈને મારી બાને એમાં ભજન ગાવાના અભરખા જાગ્યા છે."

મેં કહ્યું, "તે એમાં શું? ગાવા દો ને એમને. એ તો સારી વાત છે." પણ એમાં તો વ્યાસજી વધુ બગડયા, "એટલે તમે એમ કહેવા માંગો છો કે તમે બહુ સારા માતૃભક્ત છો અને હું સાવ અસંસ્કારી છું? બા ગાય એમાં કોઈ વાંધો નહીં પણ તકલીફ એ છે કે એ "ળ"ને "ર" બોલે છે. હમણાં એક દિવસ બા મંદિરે જતાં હશે ને તમે એને રસ્તામાં ક્યાંક મળી ગયા હશો તો મને ઘરે આવીને કહે કે અલ્યા સુરેશ, તારો ભાઈબંધ શુકલ આજે રસ્તામાં મરી ગયો!" મેં કહ્યું, "હેં! ના હોય!" મને કહે, "હા,હા, એ જ હતો! મેં જોયો ને એને!" એ તો હું એની આદત જાણું એટલે, બાકી આપણાં તો હાંજા જ ગગડી જાય ને, શુકલજી!" મને કહેવાનું મન થયું કે તમારાં જ નહીં, આવું સાંભળીને તો મારાં પણ ગગડી જાય!

વ્યાસજી હજી એમના જ તાનમાં હતા, "હજી સાંભળો. બા એક દિવસ સુશીલાને કહે, "આજે ફરારી કાઢજો." અલા શુકલજી, મને થયું, મારે અહીં એક્ટિવા ય લંગડાતું ચાલે છે ને આમણે ફરારી કાઢવાનું કહ્યું? ને તે ય સુશીલાને? સાસુ-વહુએ મારી જાણ બહાર આ શું માંડયું છે?" પણ સુશીલા હવે બાને બરાબર સમજી ગઈ છે. મારું મોંઢું જોઈને મને કહે કે તમે ટેન્શન ના લેશો. બાને આજે પૂનમનો ઉપવાસ છે તે રસોડાના કબાટમાંથી બટાકાની કાતરી ને ચકરી ને એવું બધું ફરાળી કાઢવાનું કહે છે!"

મારી દશા કફોડી હતી. હું વ્યાસજીની સામે હસી પણ નહોતો શકતો! મેં કહ્યું, "બરાબર, પણ એને તમારી સંગીતની મહેફિલ સાથે શું સંબંધ છે?" વ્યાસજીના કપાળ ઉપર કરચલીઓ પડી ગઈ, "યાર, શુકલજી, બાને "જળકમળ છાંડી જા ને બાળા" એ ભજન ગાવું છે. મારો એક મિત્ર નરેન્દ્ર બારા પણ કાલે આવવાનો છે. હવે બા જો "જરકમર છાંડી જા ને બારા..." એમ ગાશે તો મારી તો ઈજ્જતના ફાલૂદા જ થઈ જાય ને? પેલો જળકમળ છોડવું હશે તો છોડશે, પણ મારું ઘર તો નક્કી છોડીને જતો રહેશે!" હું હસવું રોકી ન શક્યો! વ્યાસજીનો વાકપ્રવાહ હજી અવિરત હતો, "અને તમે વિચારો તો ખરા શુકલજી, બા જયારે ગાશે કે જાગશે, તને મારશે, મને બાર હત્યા લાગશે ત્યારે...." પછીનું વાક્ય મારા જ હાસ્યમાં હું સાંભળી ન શક્યો!

મેં કહ્યું, "તો આ આખી ય વાતમાં હું તમને ક્યાં મદદરૂપ થઈ શકું એમ છું?" વ્યાસજી દયામણું મોં કરીને બોલ્યા, "તમે કંઈ પણ કરો. પણ મને આ ધર્મસંકટમાથી ઉગારો. બાને ના કહું તો એમને ખોટું લાગી જાય અને બા ગાય એ પેલો સાચું માની જાય તો બહુ ખોટું થઈ જાય! કાલે તમે બાજી સંભાળી લેજો."

એ આખી રાત મેં વિચારવામાં કાઢી. પણ મને કોઈ ઉપાય જડયો નહીં. પડશે એવા દેવાશે એમ વિચારીને હું ભગવાન ભરોસે બીજે દિવસે સાંજે વ્યાસજીના ઘરે ગયો. મહેફિલ શરૂ થઈ. આજે બીજા બધા મિત્રો કરતાં વ્યાસજી નરેન્દ્ર બારાની વધારે ખાતર-બરદાસ્ત કરી રહ્યા હતા! આ બાજુ બા એમનાં ભજન સાથે તૈયાર હતાં! બીજા મિત્રોએ બે-ચાર ગીતો ગાયાં પછી બાથી રહેવાયું નહીં. એમણે વ્યાસજીને ઈશારો કર્યો. વ્યાસજીએ મારી સામે એક સૂચક નજર નાખીને ઘોષણા કરી, "મિત્રો! આપણી મિજલસની અદ્ભુત સફળતાથી આનંદિત મારાં બા આજે કંઈક ગાવા માંગે છે."

મિત્રોની તાળીઓ વચ્ચે બાએ ગાવાનું શરૂ કર્યું, "હે ઈ જરકમર છાંડી જા ને બારા...." બે પંક્તિઓ પછી નરેન્દ્ર ઊભો થયો. વ્યાસજીએ મારી સામે જોયું. હું કંઈ જ બોલવાની સ્થિતિમાં ન હતો. વ્યાસજી એમના ઘરના મુખ્ય દરવાજા આગળ ઊભા રહી ગયા, નરેન્દ્ર "જરકમર" છાંડી જાય તો એને મનાવવા માટે! પણ ત્યાં તો નરેન્દ્ર દોડીને બાના પગે પડ્યો. એના ચહેરા ઉપર અહોભાવના ભાવ હતા, "બા, આજે તમે મને મારી સ્વર્ગસ્થ બાની યાદ અપાવી દીધી! મારી બા પણ આમ "ળ"ને "ર" બોલતી હતી!"

વ્યાસજી સાનંદાશ્ચર્ય મલકાઈ રહ્યા. આખી બેઠક માતા-પુત્રના સ્નેહમાં તરબોળ થઈ રહી! હું ભગવાન હાજરાહજૂર છે એવી લાગણી અનુભવી રહ્યો!

તે પછી દિવસો સુધી હું ને વ્યાસજી આ ઘટનાને "વાગોરતાં", સોરી, વાગોળતાં રહ્યાં!

### દિન મહિમા

- વિશ્વ કમ્પ્યુટર સાક્ષરતા દિવસ :
  વિશ્વમાં તમામ નાગરિકો સુધી કોમ્પ્યુટર અને ટેકનોલોજી માહિતી પહોંચાડવાનો દિવસ, ચાર્લ્સ બેબેજે વિશ્વનું પહેલું કોમ્પ્યુટર બનાવ્યું હતું.
- રાષ્ટ્રીય પ્રદૂષણ નિવારણ દિવસ :
  ભોપાલ ગેસ દુર્ઘટનામાં મૃત્યુ પામેલાં માણસોની યાદમાં આ દિવસ ઊજવવામાં આવે છે. ભોપાસ ગેસ દુર્ઘટના વિશ્વના ઈતિહાસમાં સૌથી મોટી ઔદ્યોગિક પ્રદૂષણ હોનારત તરીકે ગણવામાં આવે છે.

આજનું

### ઔષધ

- અનાનસના ટૂકડા પર સાકર અને મરી ભભરાવીને ખાવાથી એસિડીટી મટે છે.

### ખડખડાટ

બકો લગ્નમાં જમવા ગયો ત્યાં પ્લેટ પર મૂકેલ ટીશ્યુ પેપર જોઈને તેને થયું કે આ પણ કોઈ ખાવાની ચીજ હશે.

તે લઈને મોઢામાં મૂકવા જતા હાત ત્યાં જ બકુડી એ રાડ પાણી ખાતા નહીં... હાવ મોળું સે...

આજનો

### વોટ્સએપ

- સફળ થવું અઘરું નથી, ઈમાનદારી સાથે સફળ થવું અઘરું છે.
- હૃદય પર જો પ્રભુનું આસન હોય અને મન પર જો પ્રભુનું શાસન હોય તેનું જીવન હંમેશા વૃંદાવન હો!
- જો તમે સાચું બોલો છો, તો તમારે કંઈ જ યાદ રાખવાની જરૂર નથી.
- સફળતા તમારો પરિચય દુનિયા સાથે કરાવે છે અને નિષ્ફળતા તમને દુનિયાનો પરિચય કરાવે છે.

આજની

### પ્રેરક બોધકથા

એક ફકીર પચાસ વર્ષથી ગામની મસ્જિદમાં નિયમિતપણે પાંચ વાર નમાજ પઢવા જતા. ગમે તે સીઝન હોય, તબિયત નગર-ગરમ હોય પણ તેઓ એક પણ નમાજ ન ચૂકતા. ગામ લોકો માટે મસ્જિદ અને ફકીર એકરુપ બની ગયાં હતા.

સંજોગાવશાત્ એકવાર પરોઢની નમાજમાં ફકીર ન દેખાયા, ગામ લોકોને નવાઈ લાગી. વિચાર્યું કે હવે ફકીરની ઉંમર થઈ, તબિયત નાદુરસ્ત હશે એટલે નહીં આવ્યા હોય. પણ આખા દિવસ દરમિયાન પાંચ માંની એક પણ નમાજમાં ન દેખાયા. સૌને ચિંતા થઈ, થોડાક લોકો ફકીરને શું થયું હશે ? એ જાણવા એમના ઘરે ગયા. ઘરે જઈને જોયું તો ફકીર તો ઘટાદાર વૃક્ષના નીચે પોતાનાં આંગણામાં બેસીને ડફલી વગાડતાં વગાડતાં ખુદાની બંદગીનાં ગીતો ગાઈ રહ્યા હતા. નવાઈ પામેલા ગ્રામજનોએ એમને પૂછ્યું 'રહી રહીને પચાસ વર્ષ પછી નિયમ તોડ્યો ? અલ્લાહ પરથી વિશ્વાસ ઊઠી ગયો કે શું ?'

ફકીરે હસીને જવાબ આપ્યો 'અલ્લાહ પરથી વિશ્વાસ ઉઠવાનો સવાલ જ નથી. હકીકત એ છે કે અલ્લાહ સાથે ગુફતગૂ કરતાં જ સંકેત મળ્યો કે, હું મસ્જિદની બહાર હોઉં કે અંદર, હું તો હું જ છું, થવું એ જોઈએ કે, મારું શરીર જ મસ્જિદ છે અને ચોવીસ કલાસ, ક્ષણે ક્ષણે હું મારી મસ્જિદની અંદર જ છું, અલ્લાહ મારી મસ્જિદમાં જ હાજરાહજૂર છે તો પછી હું બહાર શા માટે ભટકું, હવે હું મારી અંદર બેઠેલા અલ્લાહને પિછાનવા બંદગી કરી રહ્યા છું. આ ઝાડ-જંગલ - ઝરણાની સૃષ્ટિથી સારી બીજી કોઈ ન હોઈ શકે. આથી હું ઘરેથી જ બંદગી કરીશ.' ગ્રામજનો ફકીરને સલામ કરી પાછા ફર્યા.

સાર એ છે કે હું જ બ્રહ્મ છું અને મારું શરીર જ મંદિર છે. ચેતનાને જગાડવા તેઓ કુદરતી જીવન જીવે છે, ધ્યાન ધરે છે. બંદરી કરે છે.